## લોકનૃત્ય - રાસ

- નૃત્યમાં, મહત્તમ ૧૬ અને ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઇ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઇ શકશે.
- નૃત્ય એકલા ભાઇઓ, એકલી બહેનો કે ભાઇઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.
- નૃત્યમાં બહારથી ગવડાવી શકાશે. નૃત્યમાં ગાયક-વાધ્યકારો તરીકે મહત્તમ ૪ સભ્યોને લાવી શકાશે. હાર્મોનિયમનો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનુ રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- નૃત્યમાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહી.
- જે પ્રદેશનું નૃત્ય પસંદ કર્યુ હોય તેના અનુરુપ જ એક્શન, ગાયકી, પહેરવેશ, તાલ અને સંગીતનો પ્રયોગ કરી, તેના જ મૂળ સ્વરુપમાં રજૂ કરવું હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના નૃત્યો (દા.ત. રાજસ્થાની નૃત્યમા, ચરી, ચકરી, તેહરતાલી, પનિહારી, ભવાઇ વગેરે નૃત્યો) મિશ્ર કરી રજૂ ન કરવા. તે જ રીતે નૃત્યનુ ગીત પણ જે તે પ્રદેશના નૃત્ય અનુરુપ શુધ્ધ સ્વરુપનું, એક જ હોય તેનું ધ્યાન રાખવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવાથી તેની વિપરીત અસર પરિણામ પર પડી શકે છે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પંસંદગી, વાસ્તવિકતા, સુરીલાપણુ, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોનો સુમેળ, વેષભૂષા, ઓર્નામેંટ્સ, એન્ટ્રી, એક્ઝીટ, સમય અને સમગ્ર રજૂઆત વગેરેને ધ્યાનમાં લેવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.